ભિલોડા તાલુકાના રામનગર ગામમાં મધ્યરાત્રે દુકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા

ભિલોડા તાલુકાના રામનગર ગામમાં મધ્યરાત્રે એક દુકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા.રૂા.૬૪,૦૦૦/-રોકડા અને

હોન્ડા શાઈન બાઈકની કિંમત રૂા.૨૫,૦૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા.શામળાજી પોલીસ સ્ટેશન પી.એસ.આઓ.બંસીકલાલના જણાવ્યા મુજબ રામનગર ગામના જીતેન્દ્રકુમાર નટવરલાલ નાયીની દુકાનનો દરવાજાનો નકુચો તોડી દુકાનની અંદર તસ્કરોએ પ્રવેશ કરી સામાન વેરવિખેર કરી નાખી રૂા.૬૪,૦૦૦/-રોકડા સહિત વિવિધ ચીજવસ્તુઓ અને દુકાન બહાર મુકેલ હોન્ડા શાઈન બાઈક નંબર.જી.જે.૩૧.સી.૨૧૬૪ કિંમત રૂા.૨૫,૦૦૦/-કુલ મુદ્દામાલ રૂા.૮૯,૦૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા.રામનગર ગામના જીતેન્દ્રભાઈ નાયીએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં શામળાજી પી.એસ.આઈ. આર.ડી.સગર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન ઠેર-ઠેર ચોરીઓનો ઉપદ્રવ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ભિલોડા તાલુકામાં પોલીસ તંત્રનો ડર તસ્કરોને રહ્યો નથી ત્યારે ઠેર-ઠેર ચોરીઓના બનાવો પ્રકાશમાં આવતા જાણે કે તસ્કરોને મોકળુ મેદાન મળી ગયું હોય તેમ લોકમુખે ચર્ચાય છે.પોલીસ તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું હોય તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

અરવલ્લી જીલ્લા કક્ષાનો સ્વાતંત્ર પર્વની ઉજવણી ભિલોડા ખાતે યોજાશે

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લા કક્ષાનો સ્વાતંત્ર પર્વની ઉજવણી ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલય પટ્ટાંગણમાં તા.૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર પર્વની ઉજવણી કરાશે જીલ્લા વહીવટી તંત્ર ધ્વારા તાડામાર તૈયારીઓ કરાઈ રહી છે. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો,સ્વાતંત્ર સેનાનીઓનું સન્માન, રકતદાન શિબીર, વૃક્ષારોપણ, વિશિષ્ટ કામગીરી બજાવનાર વ્યક્તિઓનું સન્માન સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે. ભિલોડા તાલુકાની તમામ સરકારી કચેરીઓને રોશનીથી શણગારવામાં આવશે તેમ જીલ્લા વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ જણાવ્યું હતું.

અંબાજીમાં છ ફુટ લાંબો અજગર પકડાતા ચકચાર

પાલનપુર, તા.૪

હાલ ચોમાસાની સીઝન ચાલી રહી છે ત્યારે અનેક જંગલી જાનવરો માનવ વસ્તીમાં જોવા મળી રહ્યા છે ત્યારે આજે અંબાજી ના કૈલાસ ટેકરી પંથકમાંથી ૬ ફુટ લાંબા અજગર ને પકડી પડાયો છે અંબાજીમાં છેલ્લા ૧૦ દોઢ એક માસમાં આઠથી દશ જેટલાં લાંબા અઝગરોને આ કમલેશે માનવ વસ્તીમાંથી પકડી દુર જંગલમાં અને માઉન્ટ આબુની ઘાટીઓમાં મુકી દેવાયા હતા. આ કમલેશ સાંખલા એ હમણાં સુધી ૩ થી ૪ હજાર જેટલાં વિવિધ જાતીનાં સાંપને પકડી લોકોનાં જીવ

એક વર્ષથી રહેતા અને ધોબીનાં વ્યવસાય સાથે સંકળાયેલા તથા સાંપ પકડવાનો વ્યવસાય ન કરતાં હોવા છતાં કમલેશ સાંખલા એ અઝગર ને આબાદ રીતે ઝડપી જંગલમાં મુકી દેવાની કાર્યવાહી કરી હતી જોકે છેલ્લા બચાવવાની કામગીરી આ સાંખલા દ્વારા કરાઈ છે. જોકે આ કમલેશ સાંખલા દ્વારા પકડાંતા સાંપનાં કોઈ પ્રકારનું ચાર્જ કે પૈસા લેતાં નથી ફક્ત માનવ જાતીની સુરક્ષા સાથે જાનવરની પણ સુરક્ષા રહે તે પ્રકારની કામગીરી કરી રહ્યા છે.

ભિલોડા તાલુકાના રામનગર હાઈસ્કુલ પટ્ટાંગણમાં વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી.રામનગર ગામના સામાજીક કાર્યકર સંકેતભાઈ ચૌધરી ટોસ ઉછાળી વોલીબોલની સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો.રામનગર હાઈસ્કુલમાં અંડર-૧૯ શાળાકીય વોલીબોલ ટુર્નામેન્ટ રામનગર હાઈસ્કુલ ભાઈઓની ટીમ વિજેતા જાહેર થઈ હતી.બહેનોની વોલીબોલની ટીમ એકલવ્ય સ્કુલની ટીમ વિજેતા જાહેર થઈ હતી.રામનગર હાઈસ્કુલ આચાર્ય અમરતભાઈ પટેલએ વિજેતા ખેલાડીઓને બિરદાવ્યા હતા.

પાલનપુર આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવવા જોગ

પાલનપુર, તા. ૪

પાલનપુર આઈ.ટી.આઈ.માં ઓગષ્ટ-૨૦૧૭ના પ્રવેશ સત્રમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી તા.૨૭-૭-૨૦૧૭થી તા.૧૧-૮-૨૦૧૭ દરમ્યાન ચાલુ છે. પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરી નજીકની આઈ.ટી.આઈ. સંસ્થા ખાતે ફોર્મની પ્રિન્ટઆઉટ તમામ પ્રમાણપત્રોની નકલ સાથે જમા કરાવવા જણાવવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લાની નજીકની ૧૪ સરકારી તેમજ ૫ જીઆઈએ સંસ્થામાં ફોર્મ જમા કરાવી શકાશે. ઓનલાઈન ફોર્મ ભરવા માટે વેબએડ્રેસઃ- http;//itiadmission.gujarat.gov.in ઉપર ફોર્મ ભરી શકાશે તેમ ઔધોગિક તાલીમ સંસ્થા પાલનપુરના આચાર્યએ જણાવ્યું છે.

હવે ગમે તેટલુ પાણી આવશે તો પણ ધાનેરા શહેરમાં પાણી ન ઘૂસે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે : રૂપાણી

શાળામાં ભણતા બાળકોને વિજય રૂપાણીએ શિક્ષણ કીટ આપી : લોકોને થયેલ નુકશાન માટે સરકાર તાત્કાલિક રાહત પેકેજ બહાર પડશે : વિવિધ લોકો દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ માટે મુખ્યમંત્રીને ૭ કરોડ ૫૪ લાખ ચેક પણ આપ્યા

ધાનેરા, તા. ૪

ધાનેરામાં આજે ફરીવાર ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવ્યા હતા અને તેમના જન્મ દિવસ નિમિત્તે શાળામાં ભણતા

બાળકોને શિક્ષણ કીટ આપી જન્મ દિવસની ઉજવણી કરી હતી તો બીજી તરફ વિવિધ લોકોદ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં ૭ કરોડ ૫૪ લાખના ચેક મુખ્યમંત્રીને આપવામાં આવ્યા હતા.

ગુજરાતના મુખ્યમંત્રી પાંચ દિવસ સુધી બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે છે અને ગામે ગામે જઈ લોકોના ખબરઅંતર પૂછી રહ્યા છે અને પૂરપીડિતોને સહાય આપવા માટેની તાત્કાલિક તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે આજે ફરીવાર ધાનેરાની મુલાકાતે આવ્યા હતા અને ધાનેરાની વિવેકાનંદ વિદ્યાલયમાં સામાન્ય સભા સંબોધી હતી. જે લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે, સમગ્ર માલસામાન પણ પાણીમાં તણાઈ ગયો છે, ત્યારે અભ્યાસ કરતા બાળકોની પણ તમામ અભ્યાસને લગતી સામગ્રી પાણીમાં તણાઈ ગઈ છે જેને લઈ શાળામાં અભ્યાસ કરતા બાળકોને અભ્યાસ માટેની કીટ સહિત તમામ પુસ્તકો આપ્યા હતા અને જણાવ્યું હતું કે હું મારી ઓફિસમાં બેઠા બેઠા પણ સરકાર ચલાવી શક્યો હોત પણ પ્રજાના દુઃખની લાગણીને ધ્યાનમાં રાખી અને પ્રજાના દુઃખમાં ભાગીદાર બનવા માટે હું પાંચ દિવસથી બનાસકાંઠામાં આવ્યો છું.

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લોકોને ખાતરી આપતા જણાવ્યું હતું કે જે આ વખતે ધાનેરામાં પાણી આવ્યું છે તેનો સર્વે કરવામાં આવશે અને એન્જીનિયરો દ્વારા તપાસ કરી ગામમાં પાણી ઘૂસવા માટે નડતરરૂપ રોડ હોય કે કોઝવે હોય તેનો તાત્કાલિક નિકાલ કરવામાં આવશે અને આવનાર સમયમાં ગમે તેટલુ પાણી આવે પણ પાણી ગામમાં ન ઘૂસે તે માટે યુદ્ધના ધોરએ કામ કરવામાં આવશે. વિજય રૂપાણીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હું પહેલી વાર ધાનેરા આવ્યો ત્યારે ધાનેરામાં ઠેર ઠેર ગંદકી જોવા મળતી હતી અને સમગ્ર ધાનેરામાં દુર્ગંધ ફેલાઈ હતી. જેનું કામ પુરજોશમાં ચાલુ છે. માર્કેટયાર્ડમાંથી સડેલુ અનાજ ૨૮૦૦ ટન અને બજારમાંથી ૫૦૦૦ ટન જેટલો કચરો બહાર નાખવામાં આવ્યો છે અને તાત્કાલિક ધાનેરાને ગંદકીમુક્ત બનાવવામાં આવશે. અને દરરોજ રાત્રે અમારી સરકાર દ્વારા જે લોકોને નુકશાન થયું છે તે માટે ચિંતા કરવામાં આવે છે અને લોકોને થયેલા નુકશાન માટેનું પેકેજ તાત્કાલિક બહાર પાડવામાં આવશે. મુખ્યમંત્રી દ્વારા આવનાર સમયમાં પાણીનો નિકાલ સફાઈ અને લોકો માટે સહાય પેકેજનો દિલાસો આપતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તો બીજી તરફ વિવિધ લોકો દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ માટે મુખ્યમંત્રીને ૭ કરોડ ૫૪ લાખ ચેક પણ આપ્યા હતા.

પાટણમાં કોંગ્રેસ દ્વારા ચક્કાજામ

અમદાવાદ, તા.૪

બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની કાર પર પથ્થમારાથી હુમલાને લઈ કોંગ્રેસમાં જોરદાર આક્રોશ જોવા મળ્યો હતો. મોડી સાંજે રોષે ભરાયેલા સેંકડો કાર્યકરોએ આ હુમલાના વિરોધમાં પાટણમાં જલદ વિરોધ પ્રદર્શન કર્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ પાટણ હાઈવે પર ટાયરો સળગાવી હાઈવે ચક્કાજામ કર્યો હતો. જો કે, સ્થાનિક પોલીસે ભારે સમજાવટ બાદ મામલો થાળે પાડી ટ્રાફિક પરિવહન નિયમિત કર્યો હતો. બીજીબાજુ, આજે સાંજે મહેસાણા ખાતેના ભાજપના કાર્યાલય પર પથ્થરમારો થતાં વાતાવરણ તંગ થઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસે તાત્કાલિક કાર્યાલય પર પહોંચી હતી અને સમગ્ર પ્રકરણમાં વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે આ પથ્થરમારો રાહુલ ગાંધીની કાર પરના હુમલાના વિરોધના પ્રત્યાઘાતરૂપે હતો કે કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની કાર પરના હુમલાના ઘેરા પ્રત્યાઘાત રાજયના વિવિધ જિલ્લાઓમાં ખાસ કરીને કોંગ્રેસ કાર્યકરોમાં જોવા મળ્યા હતા. પાટણમાં આજે સાંજે કોંગ્રેસના સેંકડો કાર્યકરો એકાએક હાઈવે પર ઉમટી આવ્યા હતા. જેમાં યુવા કાર્યકરો પણ ખૂબ મોટી સંખ્યામાં હતા. કોંગ્રેસના કાર્યકરોએ રાહુલ ગાંધીના હુમલાને વખોડી ભાજપ સરકાર પરત્વે ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો હતો અને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. જોતજોતામાં રોષે ભરાયેલા કાર્યકરોએ મોટા મોટા ટાયરો હાઈવેની વચ્ચોવચ્ચ મૂકી તેને આગ ચાંપી દીધી હતી અને ટાયરો સળગાવી હાઈવે પર ચક્કાજામ કરી નાંખ્યો હતો. જેને પગલે પાટણ હાઈવે પરનો વાહન વ્યવહાર ખોરવાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલા સાથે હાઈવે પર પહોંચી ગઈ હતી અને કોંગ્રેસ કાર્યકરોને ભારે સમજાવટ બાદ સમગ્ર મામલો થાળે પાડયો હતો અને સમગ્ર વાહનવ્યહાર નિયમિત કર્યો હતો.

પથ્થર ફેંકાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધી આજે બનાસકાંઠા જિલ્લાના પૂરથી સૌથી પ્રભાવિત ધાનેરા, થરાદ સહિતના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા હતા અને ધાનેરા લાલચોક પાસેથી ફોર્ચ્યુનર કારમાં પસાર થઈ રહ્યા ત્યારે અચાનક જ એક સીમેન્ટની ઈંટ વડે તેમની કાર પર જોરદાર પથ્થરમારો થયો હતો, જેના કારણે કારની પાછળનો કાચ તૂટી ગયો હતો.

જો કે, આ હુમલામાં રાહુલ ગાંધીનો આબાદ બચાવ થયો હતો અને તેમને કોઈ ઈજા પહોંચી ન હતી પરંતુ તેમની સુરક્ષામાં સાથે રહેલા એસપીજી જવાનને હાથે ઈજા થઈ હતી. રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારાથી હુમલાની ઘટનાને લઈ જબરદસ્ત ચકચાર મચી ગઈ હતી. લોકોના ટોળેટોળા અને ખાસ કરીને કોંગ્રેસના કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટી પડયા હતા. કોંગ્રેસના કાર્યકર્તા સહિતના આગેવાનોમાં આ હુમલાને લઈ જોરદાર આક્રોશ ભભૂકી ઉઠયો હતો. મોડી સાંજે કોંગ્રેસે રાહુલ ગાંધી પરના આ હુમલાની ઘટના અંગે ધાનેરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

ખુલ્લો પડ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી. રાહુલ ગાંધી પર હુમલો કરાવી ભાજપની ચાલ, ચરિત્ર અને ચહેરો ખુલ્લા પડી ગયા છે. અભિષેક મનુ સિંઘવીએ રાહુલ ગાંધી પર ભાજપે કરાવેલા હુમલાને વખોડતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી આજે ધાનેરા વિસ્તારમાં તેમની પૂરગ્રસ્તોની મુલાકાત દરમ્યાન કારમાં પસાર થતા હતા ત્યારે સીમેન્ટની ઈંટ વડે તેમની પર જોરદાર હુમલો કરાયો. જેમાં કારનો કાચ તૂટી ગયો અને એસપીજી જવાનને ઈજા પહોંચી. સદ્‌ભાગ્યે રાહુલગાંધીને કોઈ ઈજા પહોંચી ન હતી પરંતુ રાહુલ ગાંધી પર હુમલાની આ ઘટના સામાન્ય કે હળવાશથી ના લઈ શકાય કારણ કે, ભાજપ એવુ ઈચ્છી રહી છે કે તેમના સિવાય પૂરગ્રસ્ત વિસ્તારોમાં જાણે કોઈ મુલાકાત જ ના લે અને પૂરપીડિતોને સાંત્વના ના આપે કે તેઓની વ્યથા ના સાંભળે. ભાજપની આ તાનાશાહી અને સરમુખત્યારશાહી લોકતાંત્રિત દેશમાં ચાલી શકે નહી. ભાજપને તેની ગંદી રાજનીતિમાં ભારતીય સંસ્કૃતિ કે લોકશાહી વ્યવસ્થાની પડી નથી. રાહુલ ગાંધી પર ભાજપે આ પ્રકારે અત્યંત ઘૃણાસ્પદ હુમલો કરાવતાં તેની ચાલ, ચરિત્ર અને ચહેરો ખુલ્લા પડી ગયા છે.

નિંદનીય ઘટના

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું હતું કે, અમે રાહુલ ગાંધીને બુલેટપ્રુફ કારની સુરક્ષા આપવાનું કહ્યું હતું પરંતુ તેમણે ખાનગી કારમાં પ્રવાસનું મુનાસીબ માન્યુ. અલબત્ત, તેમની કાર પર જે પ્રકારે હુમલો થયો તે યોગ્ય નથી. કોઈપણ રાજનેતા હોય કે વ્યકિત હોય તે આવી પરિસ્થિતિમાં મુલાકાતે આવે ત્યારે કોઈને તેમને રજૂઆત કરવી હોય તો કરી શકે છે, તેમનો વિરોધ કરવો હોય તો પણ વિવેકપૂર્ણ રીતે કરી શકાય. આ પ્રકારે કાંકરીચાળો કે પથ્થરમારો કોઈપણ પ્રકારે યોગ્ય કે વાજબી ના કહી શકાય. તેમણે હુમલાની નિંદા કરી હતી.

મોટી પાર્ટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલાથી જ તૈયારી છે. બંગાળમાં કોંગ્રેસના બે સભ્યોની અવધિ પૂર્ણ થઈ રહી છે. પરંતુ પાર્ટી અહીં માત્ર એક જીત જીતી જવાની સ્થિતીમાં દેખાઈ રહી છે. તૃણમુળે પોતાના પાંચ સભ્યોને રાજ્યસભામાં મોકલી દેવાની તૈયારી કરી લીધી છે. કોંગ્રેસ પાર્ટી વર્ષ ૨૦૧૮ સુધી સૌથી મોટી પાર્ટી તરીકે રહી હોત. પરંતુ તેના બે સભ્યોના મૃત્યુ બાદ આ વર્ષે તેના સભ્યોની સંખ્યા ઘટી ગઈ છે. કેન્દ્રિય પ્રધાન અનિલ માધવ દવેનુ હાલમાં અવસાન થયુ હતુ.

ગટર ચેમ્બરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના લીધે રોજબરોજ સ્થાનિકો અકસ્માતનો ભોગ બનતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. વરસાદના અંતે પણ સેકટરોમાં ગાબડા ન પુરાતા ભયજનક સ્થિતિ યથાવત છે. શહેરમાં ભારે વરસાદ દરમિયાન સેકટરોમાં સ્થિત ગટર ચેમ્બર પર માટી પોલાણ થવાના કિસ્સાઓ વિશેષ ધ્યાને આવ્યા છે. જેના લીધે જુના અને નવા સેકટરોમાં ઠેર ઠેર મોટામસ ગાબડા જોવા મળી રહયા છે. બીજીતરફ સેકટરોમાં રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટો પણ ડુલ હોય છે. ત્યારે આવા સમયે માર્ગ આસપાસ ગાબડા ન દેખાતા રાહદારીઓ પર અકસ્માતનો ખતરો બેવડાયો છે. સેકટરોમાં વરસાદી સમસ્યાઓ વિકરાળ બની છે. ત્યારે એકબાજુ ખોદકામના અંતે પણ જોખમી સ્થિતિ સર્જાઈ છે. સેકટરોમાં ગટર લાઈનમાં ચેમ્બરો આસપાસ મોટામસ ગાબડા પડયા છે. સેકટરોમાં વસતી અને વિકાસ મુજબ ગટર લાઈન અપગ્રેડ કરવાનુ કામ અધ્ધરતાલ છે. જયારે ગટર ચેમ્બરો પણ જુની અને જર્જરિત હાલતમાં છે. આવા સંજોગોમાં ગટરો ઉભરાવાની સમસ્યા પણ વકરી છે. ત્યારે હાલમાં વરસાદી દિવસો દરમિયાન ગટર લાઈનની ચેમ્બરો જાણે મોતના કુવા સમાન બનતા સ્થાનિક રહીશો તેમજ ખાસ કરીને બાળકો માટે મોતના કુવા સમાન સ્થિતિ સર્જાઈ છે. સે-૨ સ્વામિનારયણ મંદિર પાસેના રીંગ રોડ નજીક પણ મોટુ મસ ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ છે. જેના લીધે ગમે ત્યારે અકસ્માત થાય તેવી દહેશત છે.આ મામલે સ્થાનિક રહીશો દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા સંબંધિત તંત્રના અધિકારીઓ દ્વારા કોઈ પગલા લેવાતા નથી.

ઠીંગણા જણાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩૦૪૪ બાળકો જે મધ્યમ કુપોષિત જણાયા છે તે પૈકીના ૨૦૭ બાળકોને હાલ ૧૨ સપ્તાહ માટે બાલ અમૃતમ માટેની સારવાર શરુ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં ગત વર્ષની તુલનામાં કુપોષિત બાળકો ઓછા મળી રહ્યા હોવાનો દાવો આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. અતિ કુપોષિત બાળકોની સંખ્યા જે ૩૩૩ છે તે અત્યાર સુધીના કરાયેલ સર્વેની સંખ્યાના સાપેક્ષમાં જોઈએ તો ૦.૩૭ ટકા થાય છે. જયારે મધ્યમ કુપોષિત બાળકોની સંખ્યા ૩.૩૫ ટકા થાય છે.

જિલ્લામાં આ સર્વેલન્સની કામગીરી ૩૧ ઓગષ્ટ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.